સમાન સ્તર, સમાન બુધ્ધિ, સરખો સ્વભાવ હોય તો જ લગ્ન-મૈત્રી ટકી રહે છે
- ચાણક્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૯૯ | ૧૮ જૂન ૨૦૧૨, સોમવાર, જયેષ્ઠ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# દૂધ મંડળીની ચૂંટણીનું પરિણામ જાહેર

## બે વર્તમાન ડિરેક્ટરોનો પરાજય, પૂર્વ ડિરેક્ટર રાજેશ પંચોલી, ઈશ્વરભાઈ પટેલ, રેણૂકાબેન પટેલ, રાજુભાઈ પટેલ વિજયી



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની ચાર બેઠકોની આજે યોજાયેલ ચૂંટણીના અંતે હાથ ધરાયેલી મતગણતરીમાં બે વર્તમાન ડિરેક્ટરોનો પરાજય થયો છે જયારે ત્રણ નવા ચહેરા ચૂંટાઈ આવ્યા છે.

આજે યોજાયેલ આ સહકારી સંસ્થાની ચૂંટણીમાં મતદાન માટે ઉમેદવારોના સમર્થકો સતત દોડધામ કરતા રહ્યા હતા અને મતદારોને બહાર લઈ આવવામાં સફળ રહ્યા હતા. એકાદ બે નાના મોટા ઘર્ષણના બનાવોને બાદ કરતાં મતદાન સંપૂર્ણ શાંતિપૂર્ણ રહેવા પામ્યું હતું.

છ બેઠકો માટેની ચૂંટણી યોજવાની જાહેરાત પછી તુરત જ સહકારી આગેવાનો આ ચૂંટણી અંગે સક્રિય બન્યા હતા. આ છ બેઠકો પૈકી વર્તમાન ચેરમેન શ્રી દિલીપસિંહ ચૌહાણ સે-૨૮-૨૯ની બેઠક પર તથા વર્તમાન ડિરેકટરશ્રી પંકજ શુકલ સે-૨૩-૧૬ની બેઠક પર બિનહરિફ ચુંટાયેલા જાહેર થયા હતા.

બાકી રહેતી ૪ બેઠકો માટેના ચૂંટણી જંગમાં ૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. આજે સવારથી જ શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાનનો આરંભ થયો હતો. ૪ બેઠકોના જંગમાં બે વર્તમાન ડિરેકટરોએ પણ ઝુકાવ્યું હતું અને બંને વર્તમાન ડિરેકટરોનો પરાજય થયો છે.

મતગણતરી મતદાન બાદ તુરત જ મંડળીની સે-૨૧ ખાતે આવેલ કચેરીએ શરૂ કરવામાં આવી હતી.

સે-૩-૬ની બેઠક પર શ્રી ઈશ્વરભાઈ એસ. પટેલ અને કુમાર પ્રદીપ ભટ્ટ વચ્ચેના જંગમાં શ્રી ઈશ્વરભાઈ પટેલનો ૧૯૫ જેટલા મતો વિજય થયો હતો. શ્રી ઈશ્વરભાઈના સમર્થકોએ તેમના આ વિજયને ગુલાલ ઉડાડી વધાવી લીધો

● અનુસંધાન પાના-૭ પર



ગાંધીનગર શહેરના સૌથી મોટા વહીવટીય સંકુલ સચિવાલય અને વિધાનસભાને જોડતો બ્રીજ બે દાયકા સુધી ઈજનેરી કૌશલ્યનું આગવુ આકર્ષણ બની રહ્યો હતો હવે આ બ્રીજ તોડવામાં આવી રહ્યો છે. ચાર-ચાર મજલાના બે નવા મીની બ્લોક બનાવવાની પૂરજોશમાં ચાલી રહેલી કામગીરીને પગલે આ બ્રીજ તોડવામાં આવી રહ્યો છે. આ બે મીની બ્લોક ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં તૈયાર કરી દેવામાં આવનાર છે. દિવસ રાત અહિ નિર્માણનું કામ ચાલી રહ્યું છે. વિધાનસભા અને સચિવાલય સંકુલને જોડતો આ બ્રીજ વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે જ ખોલવામાં આવતો હતો પરંતુ તેમાંય આ પછી સુરક્ષાના મુદ્દે તેના પરથી અવર જવર સદંતર બંધ કરી દેવામાં આવી હતી. ૧૯૮૫ના સમયગાળામાં આ બ્રીજનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ બ્રીજને તોડવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપીયોગ કરવામાં આવી રહ્યો છે. તેમજ સચિવાલયનો એક માર્ગ પણ બંધ કરવામાં આવ્યો છે. (તસવીર : દિપક જાની)

# મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં વધુ છ હજાર નામ નવા દાખલ કરવાની અરજીઓ મળી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજે મતદાર યાદી સુધારણા ઝુંબેશના બીજા તબક્કાની સઘન ઝુંબેશ દરમ્યાન છ હજારથી પણ વધુ અરજીઓ નવા નામ દાખલ કરવા માટેની મળી છે.

આજે જિલ્લાતંત્ર દ્વારા બીજા તબક્કાની સઘન ઝુંબેશ યોજવામાં આવી હતી. ત્રણ હજાર જેટલા કર્મચારીઓ આ ઝુંબેશમાં જોડાયા હતા. મળતી વિગતો પ્રમાણે જિલ્લાના પાંચેય વિધાનસભા મત વિસ્તારમાં સરેરાશ ૧૨૦૦થી વધુ અરજીઓ નવા નામ દાખલ કરવા માટેની મળી છે.

પ્રથમ તબક્કાની ઝુંબેશ દરમ્યાન ૩૦ જેટલા બી.એલ.ઓ.ની ગેરહાજરીને લઈ તંત્રએ આપેલી નોટીસોને પગલે આજે બીજા તબક્કાની કામગીરીમાં વધુ અસરકારકતા જોવા મળી હતી.

જો કે બે થી ૩ સ્થળોએ બી.એલ.ઓ. પાંચ થી દસ મિનિટ જેટલો સમય મોડા પડ્યાની સામાન્ય ફરિયાદો તંત્રને મળી હતી. આજે ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાંથી મતદારોએ સ્થળાંતર અંગેની અરજીઓ વધુ રજૂ કરી હોવાનું જાણવા મળેલ છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે આમ તો

● અનુસંધાન પાના-૭ પર

# શહેરોમાં હવે સ્માર્ટ સ્કૂલો બનાવાશે શેરી-સેક્ટરોને આધુનિક બનાવાશે

## શહેરોમાં સામાજીક સુવિધા પાછળ ૬૦૦૦ કરોડના પ્રોજેકટ અમલી બનાવાયા:અર્બન હેલ્થ સેન્ટર અને નંદઘર,માર્કેટ અને પાર્કિંગ વ્યવસ્થા



(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના મહાનગરો અને પાલિકા વિસ્તારની સ્કૂલોને સ્માર્ટ સ્કૂલમાં ફેરવવાની એક યોજના સાકાર કરવામાં આવી છે, જેની સાથે શેરી અને સેકટરોને આધુનિક બનાવવા તેમજ પાર્કિંગ અને માર્કેટ ઉભા કરવા રાજ્ય સરકારે પાંચ વર્ષમાં ૬૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચને મંજૂરી આપી દીધી છે. જો કે સરકારે આ તમામ સુવિધાઓમાં યુઝર્સ ચાર્જ લેવાની સત્તા આપી છે, એટલે કે શહેરીજનોને કોઈ નવી સુવિધા મફતમાં નહીં મળે.

સામાજીક આંતરમાળખાકીય સુવિધાઓ અંતર્ગત પ્રાથમિક શાળાના મકાનો માટે જે તે શહેરી સ્થાનિક સંસ્થાને અનુદાન આપવામાં આવનાર છે. આ સ્કૂલોને પ્રાઈવેટ સ્કૂલોની સમકક્ષ બનાવવા નવા ઓરડા, લાયબ્રેરી, વિજ્ઞાન પ્રયોગશાળા, ક્રિડાંગણ, બિલ્ડીંગ રિપેરીંગ, પીવાનું પાણી, સેનિટેશન વ્યવસ્થા ઉપરાંત બેંચ, બ્લેકબોર્ડ અને શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવાશે. આ પ્રોજેકટ માટેની દરખાસ્તો મંગાવવામાં આવી છે.

રાજ્યના પ્રત્યેક શહેરોમાં હેલ્થ સેન્ટર અને નંદઘરના મકાનોને અગ્રીમતા અપાશે જેના માટે સ્થાનિક સંસ્થાએ ડિઝાઈન આપવી પડશે.

રાજ્યના શહેરોમાં કોમ્યુનિટી હોલ, લાયબ્રેરી તેમજ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ઉભા કરાશે. આ હેતુ માટે મોટા શહેરોમાં ત્રણ કરોડ અને નાની પાલિકાઓને બે કરોડની મર્યાદામાં ગ્રાન્ટ આપવાનું ઠરાવવામાં આવ્યું છે. આ સુવિધા માટે સંસ્થાએ યુઝર્સ ચાર્જ ઉઘરાવવાનો રહેશે.

શહેરોમાં આ ઉપરાંત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને લીકલીડ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ફરજીયાત બનાવવામાં આવી છ, જેનો યુઝર્સ ચાર્જ વસૂલ કરવાની શરત રાખવામાં આવી છે. રાજયના મહત્વના પ્રવાસન મથકો અને જાહેર સ્થળોએ જાહેર સેનિટેશન વ્યવસ્થા માટે પણ ગ્રાન્ટ અપાશે. શહેરોના માર્ગો ઉપર અને હાઈવે ઉપર પે એન્ડ યુઝ પ્રકારના શૌચાલયો ઉપલબ્ધ કરાવાશે.શૌચાલયના એક બ્લોક માટે ૫૦ લાખનું અનુદાન ઠરાવવામાં આવ્યું છે. ગુજરાતના શહેરોને સ્માર્ટ બનાવવા વેન્ડર માર્કેટ અને પાર્કિંગની સુવિધા ફરજીયાત બનાવવામાં આવી છે. આ બન્ને કામ માટે પ્રત્યેક પાલિકાને ૫૦ લાખની મર્યાદામાં સહાય અપાશે, જ્યારે ગાંધીનગર અને અમદાવાદ જેવા મહાનગરોમાં માર્કેટદીઠ ૨૫ લાખ અને પાર્કિંગદીઠ ૧૦ લાખની મર્યાદા બાંધવામાં આવી છે. અમદાવાદ અને સુરતમાં મલ્ટી લેવલ મેકેનાઈઝ્ડ પાર્કિંગ માટે ૧૦ કરોડ ચૂકવાશે. જો કે આ સુવિધામાં જરૂરી ફી વસૂલાશે.

નાના મોટા શહેરોમાં શેરીઓનો વિકાસ કરવાની યોજના સાથે ગાંધીનગરના સેક્ટરોને પણ આધુનિક બનાવાશે.આ હેતુ માટે સરકાર ૨૦૦૦ કરોડનો ખર્ચ કરશે.

## નાના-મોટા શહેરોમાં ક્યાં કેટલા રૂપિયા ખર્ચ કરાશે

| | |
|---|---|
| શાળાના મકાનો - ૭૫૦ કરોડ | માર્કેટ-પાર્કિંગ - ૫૦૦ કરોડ |
| અર્બન હેલ્થ-નંદઘર - ૭૫૦ કરોડ | શેરી-સેક્ટરો માટે - ૨૦૦૦ કરોડ |
| કોમ્યુનિટી હોલ - ૧૦૦૦ કરોડ | જાહેર શૌચાલય - ૫૦૦ કરોડ |
| કચરાનું વ્યવસ્થાપન - ૫૦૦ કરોડ | સુવિધા માટે કુલ ૬૦૦૦ કરોડ |

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર
આયોજિત વકતૃત્ત્વ સ્પર્ધા
તા. ૦૮-૦૭-૨૦૧૨, રવિવાર, બપોરે ૩-૦૦ કલાકે
સ્થળ : શ્રી જલારામ મંદિર, સે. ૨૯, ફોન-૨૩૨૨૩૬૧૪
શબ્દોના ઉપાસકોના વાક્ કૌશલ્યને બિરદાવવા, તેમના મૌલિક ચિંતનને શ્રોતાસુલભ બનાવવા, તેમની બેખોફ રજૂઆતના દિલકશ અંદાઝને માણવા-સદાવ્રતના રજતજયંતિ વર્ષમાં યોજાઈ રહેલી આ સ્પર્ધા, સમસ્યાઓથી ઘેરાયેલા સમાજને એક નવી સોચ આપવાનો પ્રયાસ...
વિષયો : (પાંચમાંથી ગમે તે એક - અધિકતમ પાંચ મિનિટની રજૂઆત)
(૧) જ્યાં ટુકડો ત્યાં હરિ ઢૂકડો (પૂ. જલારામ બાપાનો જીવનમંત્ર - સદાવ્રતનો મહિમા)
(૨) ગુરૂ તારો પાર ન પાયો... (૩) ભગવાન બચાવે આ નેતાઓથી
(૪) પ્રતિકૂળતા - પડકાર કે સજા? (૫) માતા-પિતા પ્રત્યે સંતાનોની જવાબદારી
ઇનામો - રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર, 'ચિંતનિકા'
પ્રથમ ઈનામ - ૭૫૧/-, દ્વિતીય ઈનામ - ૫૫૧/-, તૃતીય ઈનામ - ૩૫૧/-
કોલેજના વિદ્યાર્થીઓ તથા વિચારવાન નાગરિકો સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
સંપૂર્ણ વિગતો સાથેનાં પ્રવેશપત્રો ભરવાની છેલ્લી તા. ૨૯-૦૬-૨૦૧૨
વધુ વિગતો અને પ્રવેશ પત્રો અર્થે શ્રી જલારામ મંદિર, મેનેજરશ્રીનો સંપર્ક કરવો.
બહસ તો એક બહાના હૈ, અસલી મકસદ તો બાપા કો રિજાના હૈ।
પૂ. બાપાને રીઝવવા માટે સંકીર્તન, સેવાકાર્ય અને સ્પર્ધામાં તો જોડાવું જ પડે ને!
'જય જલારામ - સુખદાયી તેરો નામ'

TVના રીમોટ મળશે
આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬




અવિસ્મરણીયને સ્મરણાંજલિ



મેજર વિનોદચંદ્ર જોષી
જન્મ : ૨૭ મે, ૧૯૪૦ ▪ નિર્વાણ : ૧૮ જૂન, ૨૦૧૧
પરિશ્રમ અને પુરુષાર્થના પ્રેરણામૂર્તિ, દયા-કરુણા અને સ્નેહના મહાસાગર, પ્રેમાળ પૂજનીયને પ્રથમ પુણ્યતિથિએ પ્રણામ..
નિકિતા - પ્રિતેશ જોષી | પ્રજ્ઞા વિનોદચંદ્ર જોષી
હેમા - વિરલ જોષી | ઇશાની - નિશિત વ્યાસ
પ્રજ્ઞા ઓટો સર્વિસ પરિવાર
FORTUNE INN HAVELI GANDHINAGAR
પ્રાર્થના સભા : આજે સાંજે ૪ થી ૬
સ્થળ : હવેલી બેન્ક્વેટ હોલ, સેકટર - ૧૧, ગાંધીનગર.

જિલ્લામાં ૭૮ કાઉન્ટર્સ, બિલ્ડર્સ અને એન્જિનિયરનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
દેશ કી શાન કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક સિમેન્ટ એન્જિનિયરની પસંદગી
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદરા વાળા)
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦
ગોડાઉન
સ્ટીલ સ્ટેશન
ખ-૨ ચોકડી
સેક્ટર-૪સી કોર્નર